પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬૦ | ૧૧ મે, ૨૦૨૨, બુધવાર; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

આજથી 'અસાની' વાવાઝોડું તબાહી મચાવશે

અસાની વાવાઝોડું ઝડપથી આગળ વધી રહ્યું છે : ૧૧થી ૧૩મી મે દરમિયાન અસમ-મેઘાલયમાં ભારે વરસાદ પડી શકે છે : અનેક રાજ્યોમાં વાવાઝોડાની અસર જોવા મળી શકે છે, જ્યારે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને બિહારની સાથે સાથે પૂર્વ યુપી સુધી ભારે વરસાદની શક્યતા

નવી દિલ્હી,તા.૧૦

આ વર્ષનું પહલું વાવાઝોડું અસાની આજે ઓડિશા અને આંધ્ર પ્રદેશના કાંઠા નજીક પહોંચી જશે. તે સમયે પવનની ઝડપ ૧૧૫ કિમી પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે. દેશના અનેક રાજ્યોમાં આ વાવાઝોડાની અસર જોવા મળી શકે છે. જ્યારે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને બિહારની સાથે સાથે પૂર્વ યુપી સુધી ભારે વરસાદ પડવાની શક્યતા છે. ભુવનેશ્વરના હવામાન વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું છે કે ગંભીર ચક્રવાતી તોફાની અસાની છેલ્લા ૬ કલાક દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશામાં ૧૨ કિમી પ્રતિ કલાકની ઝડપથી આગળ વધી રહ્યું છે. જ્યારે પુરીથી લગભગ ૫૯૦ કિમી દક્ષિણ પશ્ચિમ અને ઓડિશાના ગોપાલપુરથી ૫૧૦ કિમી દક્ષિણ પશ્ચિમમાં કેન્દ્રીત છે. આ બાજુ તેલંગણાના હવામાન ખાતાના ડાઈરેક્ટર નાગા રત્નાનું કહેવું છે કે તેલંગણામાં આગામી બે દિવસ દરમિયાન વીજળી પડવાની પણ શક્યતા છે. વાવાઝોડા અસાનીની આજથી ભારે અસર જોવા મળી શકે છે. હવામાન ખાતાના

● અનુસંધાન પાન-૭ પર

સંતુરવાદક પંડિત શિવકુમાર શર્માનું ૮૪ વર્ષની વયે નિધન

કલાકાર લાંબા સમયથી કિડનીની બિમારીથી પિડાતા હતા : ભારતીય શાસ્ત્રીસ સંગીતને કાશ્મીરના પરંપરાગત વાદ્ય ગણાતા સંતુર પર વગાડનારા તેઓ પહેલા કલાકાર હતા

નવી દિલ્હી, તા.૧૦

વિશ્વવિખ્યાત સંતુરવાદક પંડિત શિવકુમાર શર્માનું ૮૪ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી કિડનીની બીમારીથી પીડાઈ રહ્યા હતા. ભારતીય શાસ્ત્રીસ સંગીતને કાશ્મીરના પરંપરાગત વાદ્ય ગણાતા સંતુર પર વગાડનારા તેઓ પહેલા કલાકાર હતા. ભારતીય શાસ્ત્રીય સંગીતની ખ્યાતિ દેશવિદેશમાં ફેલાવવા બદલ તેમનું ૨૦૦૧માં પદ્મવિભૂષણ એવોર્ડથી સમ્માન પણ કરવામાં આવ્યું હતું. ૧૯૩૮માં જમ્મુમાં જન્મેલા શિવકુમાર શર્માના દીકરા રાહુલ શર્મા પણ પિતાની માફક જાણીતા સંતુરવાદક છે. તેમણે બાંસુરીવાદક હરિપ્રસાદ ચૌરસિયા સાથે મળીને કેટલીક હિન્દી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું, તેમની જોડી શિવ-હરિની જોડી તરીકે ઓળખાતી હતી. શિવકુમાર શર્માને શ્રદ્ધાંજલિ આપતા જાણીતા સરોદવાદક ઉસ્તાદ અમજદ અલી ખાને જણાવ્યું હતું કે શિવકુમાર શર્માના દેહાંત સાથે એક યુગનો અંત આવ્યો છે. તેઓ સંતુરના પાયોનિયર હતા અને તેમનું પ્રદાન અદ્વિતિય હતું. તેમનું સંગીત હંમેશા માટે આપણી સાથે રહેશે. પંડિત શિવકુમાર શર્મા અને અમદાવાદનો નાતો પણ ઘણો પુરાણો

હતો. અમદાવાદમાં દર વર્ષે યોજાતા જાણીતા સંગીત સમારોહ સપ્તકની શરુઆત થઈ ત્યારથી પંડિત શિવકુમાર શર્મા તેમાં પર્ફોમ કરવા માટે દર વર્ષે અચૂક સમય ફાળવતા હતા, તેમજ તેમનો કાર્યક્રમ માણવા માટે અમદાવાદીઓની ભીડ ઉમટી પડતી હતી.

શ્રીલંકાના વડાપ્રધાન મહિન્દા નેવી બેઝમાં સંતાયા

શ્રીલંકામાં ભારે અરાજકતાનો માહોલ : પ્રદર્શનકારીઓથી બચાવવા મહિન્દા રાજપક્ષેને હેલિકોપ્ટરની મદદથી દેશના પૂર્વ વિસ્તારમાં બનાવાયેલા નેવી બેઝમાં લઈ જવાયા

કોલંબો , તા.૧૦

શ્રીલંકાના પૂર્વ વડાપ્રધાન મહિન્દા રાજપક્ષે અને તેમનો સમગ્ર પરિવાર અત્યારે નેવીના બેઝમાં છુપાઈ ગયો છે. જ્યાં અત્યારે ભારે સૈન્યદળ પણ હાજર છે. આ પહેલા સોમવારે હજારોની સંખ્યામાં પ્રદર્શનકારીઓની ભીડે શ્રીલંકાના વડાપ્રધાનના મકાનને ઘેરી લીધું હતું અને તેની અંદર પેટ્રોલ બોમ્બ પણ ફેંક્યા હતા. આ પ્રદર્શનકારીઓએ તે ઘરની બહાર ઊભેલી ગાડીઓને પણ સળગાવી દીધી હતી. આ પ્રદર્શનકારીઓને હટાવવા માટે સુરક્ષાકર્મીઓને પીએમના મકાનની અંદરથી ગોળીબાર કરવો પડ્યો હતો. મંગળવારે સવારે શ્રીલંકાની સેનાએ ભારે હથિયારો સાથે મહિન્દા રાજપક્ષેને તેમના ઘરમાંથી નીકાળ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, શ્રીલંકામાં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શન વચ્ચે મહિન્દા રાજપક્ષેને હેલિકોપ્ટરની મદદથી દેશના પૂર્વ વિસ્તારમાં બનાવાયેલા નેવી બેઝમાં લઈ જવાયા છે. જ્યાં હવે પ્રદર્શનકારીઓ પણ પહોંચી ગયા છે જે રાજધાની કોલંબોથી ૨૭૦ કિલોમીટર દૂર છે. શ્રીલંકાની રાજપક્ષે સરકારે હજારોની સંખ્યામાં સૈનિકો અને પોલીસકર્મીઓને હાજર કર્યા છે અને કર્ફ્યુ લગાવી દીધો છે. મહિન્દા રાજપક્ષેએ રાજીનામુ આપ્યા બાદ ભડકેલી હિંસામાં અત્યાર સુધીમાં ૨૦૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને ૫ લોકોના મોત થયા છે.

કોંગ્રેસમાં પરિવારમાંથી એકને જ ટિકિટની દરખાસ્ત

કોંગ્રેસની ચિંતન શિબિર પહેલા મોટા ફેરફારોની તૈયારી : પાર્ટીનું માનવું છે કે, આ સાથે તે ભાજપ દ્વારા લગાવવામાં આવેલા પરિવારવાદના આરોપોનો જવાબ આપી શકશે

નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસે ઉદયપુરમાં ચિંતન શિબિર પહેલા મોટા ફેરફારોની તૈયારીઓ કરી લીધી છે. સોમવારે મળેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં પરિવારમાં માત્ર એક વ્યક્તિને ટિકિટ આપવી, મુખ્ય પદ સંભાળ્યા બાદ ત્રણ વર્ષનો કુલિંગ-ઓફ પિરિયડ અને મોટી સંખ્યામાં પેનલોની સંખ્યા ઘટાડવા જેવી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે.

કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે, હાઈકમાન્ડને સૂચન કરવામાં આવ્યું હતું કે પ્રદેશ પ્રમુખ, જિલ્લા પ્રમુખ કે રાષ્ટ્રીય કારોબારી સહિતના નેતાઓને એક ટર્મ પૂર્ણ થયા બાદ ત્રણ વર્ષ સુધી હોદ્દાથી દૂર રાખવા જોઈએ. તેના પર સહમતિ બની છે. આ ઉપરાંત એક પરિવારમાંથી માત્ર એક વ્યક્તિને ટિકિટ આપવા પર પણ સહમતિ બની છે. પાર્ટીનું માનવું છે કે, આ સાથે તે ભાજપ દ્વારા લગાવવામાં આવી રહેલા પરિવારવાદના આરોપોનો જવાબ આપી શકશે.

ઉદયપુરમાં ૧૩ થી ૧૫ મે દરમિયાન કોંગ્રેસનું ચિંતન શિબિર યોજવાનું છે. આ તમામ દરખાસ્તો તેમાં રજૂ કરવામાં આવશે.તેમણે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે.

હું સમજી શકતો નથી કે ભારે પવન અને ઝાકળને કારણે પુલ કેવી રીતે તૂટી શકે : ગડકરી

સુલતાનગંજમાં ગંગા નદી પરનો પુલ ભારે પવનથી તૂટ્યાના અધિકારીના જવાબથી નીતિન ગડકરીને આશ્ચર્ય

નવી દિલ્હી, તા.૧૦

૨૯ એપ્રિલે સુલતાનગંજમાં ગંગા નદી પર બનેલા પુલનો એક ભાગ તોફાન દરમિયાન તૂટી પડ્યો હતો. જોકે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ દરમિયાન કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોમવારે એક આઈએએસઅધિકારીના નિવેદન પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, તેમણે બિહારના સુલતાનગંજમાં એક નિર્માણાધીન પુલનો ભાગ 'ભારે પવન'થી તુટી પડવાનું કારણ આપ્યું હતું.

ગડકરીએ આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, બિહારમાં ૨૯ એપ્રિલે એક પુલ તૂટી પડ્યો હતો. તેમના સચિવને આ અંગે કારણ પૂછવા પર તેમણે જવાબ આપ્યો હતો કે, તે તીવ્ર પવન અને ઝાકળને કારણે પૂલ તૂટી પડ્યો હતો.

કેન્દ્રીય મંત્રીને આશ્ચર્ય થયું હતુ કે, એક આઈએએસઅધિકારી આવા ખુલાસા પર કેવી રીતે વિશ્વાસ કરી શકે. ગડકરીએ કહ્યું હતું કે, હું સમજી શકતો નથી કે ભારે પવન અને ઝાકળને કારણે પુલ કેવી રીતે તૂટી શકે છે. કોઈ ભૂલ થઈ હશે જેના કારણે આ પુલ તૂટી પડ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન મંત્રીએ ગુણવત્તા સાથે બાંધ છોડ કર્યા વગર પુલના બાંધકામના ખર્ચમાં ઘટાડો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

બિહારના સુલતાનગંજથી અગુઆની ઘાટ વચ્ચેના આ પુલનું નિર્માણ વર્ષ ૨૦૧૪માં શરૂ થયું હતું. જો કે તેનું બાંધકામ ૨૦૧૯માં જ પૂર્ણ થવાનું હતું પરંતુ હજુ સુધી તે પૂર્ણ થયું નથી.

ધનકુબેરોની સંપત્તીમાં ૫૧ અબજ ડોલરનો ઘટાડો થયો

વ્યાજનો દર વધવાથી ટેકનોલોજી કંપનીઓનું વળતર ઘટશે

મુંબઈ, તા.૧૦

અમેરિકન ફેડરલ રીઝર્વે ગત બુધવારે વ્યાજના દરમાં અપેક્ષિત રીતે ૦.૫૦ ટકાનો વધારો જાહેર કર્યો હતો. આ વ્યાજ દરમાં વૃદ્ધિ સામે મોંઘવારીની લડાઈથી મહામારીમાંથી બહાર આવી રહેલા વૈશ્વિક અર્થતંત્ર ઉપર મંદીના વાદળો ઘેરાશે એવી ચિંતા શેરબજારમાં જોવા મળી રહી છે. બીજી તરફ, વિશ્વના બીજા સૌથી મોટા અર્થતંત્ર ચીનમાં કડક લોકડાઉન પછી પણ કોરોના કેસ ઘટી રહ્યા નથી અને અર્થતંત્ર મંદ પડી રહ્યું છે. વ્યાજનો દર વધવાથી ટેકનોલોજી કંપનીઓનું વળતર ઘટશે અને મૂડી સામે વળતર ઘટશે એવી ચિંતામાં ટેકનોલોજી શેર ઘટી રહ્યા છે. આ વર્ષે નાસ્ડાક ઈન્ડેક્સ ૨૪૭ ટકા ઘટેલો છે અને હજી પણ ઘટશે એવી આગાહીઓ થઈ રહી છે. ભારતમાં પણ ધારણા કરતા મોંઘવારી ઉંચી રહે એવી શક્યતાએ વ્યાજના દરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ અચાનક જ વધારો કરતા શેરબજારમાં અને અર્થતંત્રમાં ચિંતાઓ જોવા મળી રહી છે.

શેરબજારમાં ઘટાડાના કારણે વિશ્વના ટોચના ધનકુબેરોની સંપત્તિમાં ૫૧ અબજ ડોલરનો ઘટાડો થયો હોવાનું ફોર્બ્સના રીઅલ ટાઈમ બિલિયોનેર લીસ્ટ ઉપરથી જાણવા મળ્યું છે. આ ઘટાડો માત્ર ટોચના ૧૦ વ્યક્તિઓની યાદીમાં જ છે. આ સિવાય પણ ઘટાડો જોવા મળ્યો છે. ટોચના ૫૦ અબજોપતિઓમાંથી માત્ર છ

● અનુસંધાન પાન-૭ પર

ઝારખંડની આઈએએસ પૂજા સિંઘલ અનેક રહસ્યો ખોલશે

આઈએએસ પૂજા સિંઘલ ઈડીની ઓફિસ પહોંચી : ઈડીએ ૧૯.૩૧ કરોડ રૂપિયા રિકવર કર્યા હોઈ આ બાબતે પૂજા તેના પતિ અને સીએની સઘન પુછપરછ

રાંચી, તા.૧૦

ઝારખંડની ખાણ સચિવ અને આઈએએસ પૂજા સિંઘલ તેના પતિ અભિષેક ઝા સાથે રાંચીમાં ઈડીની પ્રાદેશિક ઓફિસ પહોંચી હતી. મીડિયા સાથે વાત કર્યા વિના તે સીધી ઓફિસની અંદર ચાલી ગઈ. તેણીએ કોઈ પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. પૂજાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ સુમન કુમાર) પાસેથી ૧૯.૩૧ કરોડ રૂપિયા મળ્યા છે. જેના હિસાબો તે ઈડી અધિકારીઓને આપી શક્યા ન હતા. ઝારખંડની ખાણ અને ઉદ્યોગ સચિવ પૂજા સિંઘલની રાંચી ઈડી ઓફિસમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડી દિલ્હીના અધિકારીઓ પણ રાંચીમાં કેમ્પ કરી રહ્યા છે. દરેક દસ્તાવેજની કાળજીપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. ગયા શુક્રવારે ઈડી દ્વારા પાંચ રાજ્યોમાં ૨૫ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. જમ

કરાયેલી રોકડ અને કાગળો વિશે પહેલેથી જ અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે તેના તાર ચોક્કસપણે આઈએએસ પૂજા સિંઘલ સુધી પહોંચશે. હવે પૂજાની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડી દ્વારા પૂછપરછ માટે પ્રાદેશિક કાર્યાલય રાંચીમાં હાજર થવા માટે સમન્સ મોકલવામાં આવ્યા હતા. પૂજા સિંઘલના પતિ અભિષેક ઝા અને સીએ સુમન કુમારની સતત પૂછપરછ કરવામાં આવી રહી છે. અહીં પૂજા સિંઘલ પર પણ સસ્પેન્શનની તલવાર લટકી રહી છે. પૂજા સિંઘલ પર ઈડી જે રીતે સકંજો કસી રહી છે, તેના કારણે રાજ્ય સરકાર એ પણ વિચારી રહી છે કે સસ્પેન્શનની કાર્યવાહી પણ જલ્દી પૂર્ણ કરવામાં આવે, જેથી સરકારની બદનામી ન થાય. મની લોન્ડરિંગ કેસમાં ઈડીની ટીમે પૂજા સિંઘલના અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા અને આ દરમિયાન તપાસ અધિકારીઓના હાથમાં ઘણી મહત્વની કડીઓ આવી છે. આ દરમિયાન સીએ સુમન કુમારના ઘરેથી લગભગ ૧૭.૫૦ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ સિવાય તેની ઓફિસમાંથી લગભગ ૩૦ લાખ રૂપિયા પણ

● અનુસંધાન પાન-૭ પર

સેન્સેક્સમાં ૧૦૬, નિફ્ટીમાં ૬૨ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા.૧૦

અસ્થિર વેપારમાં, સ્થાનિક શેરબજાર મંગળવારે સતત ત્રીજા ટ્રેડિંગ સત્રમાં ઘટાડા સાથે બંધ થયું. જ્યારે સેન્સેક્સ (બીએસઈ સેન્સેક્સ) ૧૦૬ પોઈન્ટ્સ, નિફ્ટી (એનએસઈ નિફ્ટી) ૬૧.૮૦ પોઈન્ટ્સ ગુમાવ્યો હતો. વિશ્લેષકોના મતે યુએસ બજારો વર્ષના સૌથી નીચા સ્તરે બંધ થવા અને વિદેશી રોકાણકારોની વેચવાલીથી સ્થાનિક બજારો દબાણ હેઠળ હતા. દિવસના ટ્રેડિંગ દરમિયાન બીએસઈનો ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૫૪,૮૫૭.૦૨ની ઊંચી અને ૫૪,૨૨૬.૩૩ની નીચી સપાટીને સ્પર્શી હતો.

અંતે, તે ૧૦૫.૮૨ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકાના ઘટાડા સાથે ૫૪,૩૬૪.૮૫ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ ગુમાવનારાઓમાં ટાટા સ્ટીલ, સન ફાર્મા, એનટીપીસી, ટાઈટન, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટેક મહિન્દ્રા અને આઈટીસીનો સમાવેશ થાય છે.

HDFC હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ. પઝેશન નોટિસ

એચડીએફસી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : (૦૭૯) ૬૬૩૭૦૦૦

હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડના અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂ.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	પત્ની/પુત્ર/પતિ/પુત્રી- શ્રી અમૃતભાઇ બી. ચૌહાણ (અવસાન પામેલ છે) અને અન્ય જાણમાં હોય/જાણમાં ના હોય તેવા કાયદેસરના વારસદાર(રો), કાયદેસરના પ્રતિનિધિ(ઓ), અનુગામીઓ અને અસાઇન્સ- શ્રી અમૃતભાઇ બી. ચૌહાણ (અવસાન પામેલ છે) (બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૪૪૫૦૯૧૩૯ અને ૬૦૧૨૩૦૫૮૮	રૂા.૯,૪૭,૭૪૪/- અને રૂા.૪,૩૧,૨૧૦/- અનુક્રમે ૩૧-જાન્યુ., ૨૦૨૨ ના રોજ*	૧૬-ફેબ્રુ., ૨૦૨૨	૦૬-મે., ૨૦૨૨ ફીઝિકલ પઝેશન	ફ્લેટ નં.એલ/૦૦૨, ગ્રાઉન્ડ ફ્લોર, પાર્શ્વનાથ ઓમ્ રેસિડેન્સી, બ્લોક-૧૩૬૭, ટીપીએસ-૧૦, એફપી-૩૫, શ્રીનાથ રેસિડેન્સી પાછળ, અડાલજ પેટ્રોલ પમ્પ સામે, કલોલ-મહેસાણા હાઇવે, અડાલજ, ગાંધીનગર-૩૮૨૪૨૧.

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સં) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સં) / કાયદેસરના વારસ (દારો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

વતી, હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.

તારીખ :૧૦-૫-૨૦૨૨ સહી/-

સ્થળ : અમદાવાદ/ગાંધીનગર અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : રેમન હાઉસ, એચ.ટી. પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રેક્લમેશન, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
Corporate Identity Number : CIN : L70100MH977PLC019916. E-mail : customer.service@hdfc.com, Website : www.hdfc.com